# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી સુરત

બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-ર અઠવાલાઈન્સ સુરત- ૩૯૫૦૦૧

:- ૦૨૬૧-૨૬૬૨૯૦૨

:- suratdeo@gmail.com web :-www.suratdeo.or


જા.નં./મા-ર/૨૦૨૫/ 11035

તા.૧૨/૦૯/૨૦૨૫

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ તમામ
જિ.સુરત.

આ સાથે સામેલ ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ ગાંધીનગર ના તા. ૧૪/૦૭/૨૦૨૫ ના પત્ર ક્રમાંક ગુ.રા.સ.બો/૨૦૨૫/૪૬૬-૫૦૦નાં પત્ર અન્વયે જાણ તથા અમલ કરવા સારું.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત

બિડાણ: ઉક્ત પત્રની નકલ

# ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ
ग ३ सर्कल समीपस्थः, स्वामि विवेकानन्द विद्याविहार केम्पस
सेक्टर १२ – गान्धिनगरम्
Email:-grsbg2020@gmail.com


ક્રમાંક:મકમ/૨૦૨૫/ ૯૯૯-૧૦૦ તા.૧૪/૦૭/૨૦૨૫

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી તમામ,

વિષય: "સંસ્કૃત પ્રોત્સાહન યોજના (માધ્યમિક સ્તરીય)" અંતર્ગત શાળાઓ પાસેથી અરજીઓ મંગાવવા બાબત.

સવિનય ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 અંતર્ગત કલમ 4.17 મુજબ સંસ્કૃત ભાષા શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ દ્વારા "સંસ્કૃત પ્રોત્સાહન યોજના (માધ્યમિક સ્તરીય)" અમલમાં મુકવામાં આવી છે. આ યોજનાનું અનાવરણ તા.૧૭/૦૬/૨૦૨૫ના રોજ માન. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વરદહસ્તે કરવામાં આવ્યું જેના અમલીકરણ માટે ગુજરાત રાજ્યની દરેક માધ્યમિક શાળાઓ પાસેથી અરજી સામેલ પત્રક-અ મુજબ મંગાવી આપવા આપશ્રીને જણાવવામાં આવે છે.

**યોજનાનો હેતુ:**

૧. વિદ્યાર્થીઓને માધ્યમિક કક્ષાએ સંસ્કૃત વિષય પસંદગી માટે પ્રોત્સાહન મળે.
૨. સંસ્કૃત પ્રચાર-પ્રસાર અર્થે શાળાને પ્રોત્સાહન મળે.
૩. સંસ્કૃત ભાષાના સંવર્ધન માટે આર્થિક સહાય મળે.
૪. સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ વિદ્યાર્થીઓ સંસ્કૃતને પ્રાધાન્ય આપે.
૫. શિક્ષણ તથા વ્યાવસાયિક ક્ષેત્રે સંસ્કૃત વિષયના શિક્ષક બનવા માટે યુવાનોને પ્રોત્સાહન મળે.
૬. ભારતની આ પ્રાચીન ભાષાનું વિદ્યાલયોમાં અસ્તિત્વ ટકાવી શકાય.

**યોજનાનું અમલીકરણ :-**

જે શાળામાં SSC માં રજિસ્ટર્ડ વિદ્યાર્થીઓની સંખ્યા ઓછામાં ઓછી ૧૦૦ હોય અને તેમાં પણ વૈકલ્પિક વિષય તરીકે સંસ્કૃત વિષય પસંદ કરનાર વિદ્યાર્થીઓની સંખ્યા ૧૦૦% હોય તે શાળાને દર ૧૦૦ વિદ્યાર્થી દીઠ નીચે મુજબ અનુદાન મળવા પાત્ર રહેશે. તેમજ સંબંધિત શાળાના આચાર્યશ્રી અને વિષય શિક્ષકને વિશેષરૂપે સન્માનિત કરવામાં આવશે.

| ક્રમ | SSC માં રજિસ્ટર્ડ વિદ્યાર્થીઓની સંખ્યા | વૈકલ્પિક વિષય તરીકે સંસ્કૃત રાખનાર વિદ્યાર્થીઓની સંખ્યા | સંસ્કૃત પસંદ કરનાર વિદ્યાર્થીઓની સંખ્યાની ટકાવારી | મળવાપાત્ર અનુદાન |
|---|---|---|---|---|
| ૧ | ઓછામાં ઓછા ૧૦૦ થી ૧૯૯ | ઓછામાં ઓછા ૧૦૦ થી ૧૯૯ | ૧૦૦% | ₹ ૨૫૦૦૦/- |
| ૨ | ૨૦૦ થી ૨૯૯ | ૨૦૦ થી ૨૯૯ | ૧૦૦% | ₹ ૫૦૦૦૦/- |
| ૩ | ૩૦૦ થી ૩૯૯ | ૩૦૦ થી ૩૯૯ | ૧૦૦% | ₹ ૭૫૦૦૦/- |
| ૪ | ૪૦૦કે તેથી વધુ દરેકને | ૪૦૦કે તેથી વધુ દરેકને | ૧૦૦% | ₹ ૧૦૦૦૦૦/- |

શાળાને મળેલ ગ્રાન્ટનો સંસ્કૃત.સંરક્ષણ અને સંવર્ધન હેતુ ઉપયોગ કરવા બોર્ડની વેબસાઈટ પર માર્ગદર્શન આપવામાં આવશે.

ખાસનોંધ :- ઉક્ત યોજના ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડની માન્યતા પ્રાપ્ત દરેક માધ્યમિકશાળા (સરકારી અનુદાનિત અને સ્વનિર્ભર શાળા) ને લાગુ પડશે.

✉ ઉપરોક્ત વિગતો ૧૫,સપ્ટેમ્બર,૨૦૨૫ સુધીમાં નીચે આપેલા ઈમેઈલ પર મોકલવા જણાવવામાં આવે છે.

✉ **Email:** grsbg2020@gmail.com

બિડાણ: પત્રક –અ

(ડૉ. અવનીબા મોરી)
ખાસ ફરજ પરના અધિકારી
ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ
ગાંધીનગર

નકલ સવિનય રવાના:-
– માન. અધ્યક્ષશ્રી , સંસ્કૃત બોર્ડ

પત્રક-અ

## ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ, ગાંધીનગર

### સંસ્કૃત પ્રોત્સાહનયોજના માટેનું અરજી પત્રક

| ક્રમ | અરજીની વિગત | | અરજી સાથે જોડવા માટેના આધાર |
|---|---|---|---|
| ૧ | શાળાની વિગત | | |
| ૧.૧ | જિલ્લાનું નામ | | |
| ૧.૨ | તાલુકાનું નામ | | |
| ૧.૩ | શાળાનું નામ અને સરનામું | | |
| ૧.૪ | શાળાનો પ્રકાર (સરકારી/અનુદાનિત/સ્વનિર્ભર) | | |
| ૧.૫ | શાના યુડાયસ કોડ | | |
| ૧.૬ | શાળાના ઇન્ડેક્ષ નંબર | | શાળાનું નોંધણી પ્રમાણ પત્ર |
| ૧.૭ | શાળામાં SSCમાં નોંધાયેલા કુલ વિદ્યાર્થીઓની સંખ્યા | | યુડાયસ કોડમાં નોંધાયેલા કુલ વિદ્યાર્થીઓનો હાજર રીપોર્ટ તારીખ ૦૧.સપ્ટેમ્બર ની સ્થિતિએ |
| ૧.૮ | ૧.૭ પૈકી વૈકલ્પિક વિષય તરીકે સંસ્કૃત પસંદ કરનારા વિદ્યાર્થીઓની સંખ્યા | | |
| ૨ | સંસ્કૃત વિષયના શિક્ષકની વિગતો (સંસ્કૃતનાં તમામ શિક્ષકોની વિગત આપવી ) | | |
| ૨.૧ | સંસ્કૃત વિષય શિક્ષક નું નામ | | |
| ૨.૨ | ખાતામાં જોડાયા તારીખ | | |
| ૨.૩ | સંપર્ક નંબર | | |
| ૩ | શાળાના આચાર્યશ્રીની વિગત | | |
| ૩.૧ | આચાર્યશ્રીનું નામ | | |
| ૩.૨ | ખાતામાં જોડાયા તારીખ | | |
| ૩.૩ | સંપર્ક નંબર | | |
| ૪ | શાળાના બેંક એકાઉન્ટ અંગેની વિગત | | કેન્સલ ચેકની નકલ |
| ૪.૧ | બેંકનું નામ | | |
| ૪.૨ | ખાતા ધારકનું નામ | | |
| ૪.૩ | બેંક અકાઉંટ નંબર | | |
| ૪.૪ | IFSC નંબર | | |

૫ આચાર્યશ્રીએ આપવાનું પ્રમાણ પત્રઃ-

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે આમારી ઉપરોકત શાળામાં ધોરણ ૧૦માં રજીસ્ટર્ડ વિદ્યાર્થીઓની સંખ્યા...............છે. જેમાંથી સંસ્કૃત વિષય વૈકલ્પિક વિષય તરીકે રાખનાર વિદ્યાર્થીઓની સંસ્ખ્યા..............છે. જે મેં જાતે ખરાઈ કરી છે.

તારીખ:-

સ્થળ:- આચાર્યશ્રીની સહી.

૬ જિલ્લા શિક્ષણ અધીકારીશ્રીએ આપવાનું પ્રમાણ પત્રઃ-

આથી પ્રમાણ પત્ર આપવામાં આવે છે કે...........જિલ્લામાં સમાવિષ્ટ કુલ ...........સરકારી માધ્યમિક શાળાઓ પૈકી............શાળાઓમાં નોંધાયેલા કુલ વિદ્યાર્થીઓ માંથી સંસ્કૃત વિષય વૈકલ્પિક વિષય તરીકે પસંદ કરનાર વિદ્યાર્થીઓની સંખ્યા 100% છે. તેમજ જિલ્લામાં સમાવિષ્ટ કુલ ...........અનુદાનિત માધ્યમિક શાળાઓ પૈકી............શાળાઓમાં નોંધાયેલા કુલ વિદ્યાર્થીઓ માંથી સંસ્કૃત વિષય વૈકલ્પિક વિષય તરીકે પસંદ કરનાર વિદ્યાર્થીઓની સંખ્યા 100% છે. જિલ્લામાં સમાવિષ્ટ કુલ...........સ્વનિર્ભર માધ્યમિક શાળાઓ પૈકી...........શાળાઓમાં નોંધાયેલા કુલ વિદ્યાર્થીઓ માંથી સંસ્કૃત વિષય વૈકલ્પિક વિષય તરીકે પસંદ કરનાર વિદ્યાર્થીઓની સંખ્યા 100% છે. ઉપરોકત વિગતો મેં જાતે ખરાઈ કરેલ છે.

તારીખ:-

સ્થળ:- જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની સહી.